સ. શિ. પ. / માર્ચ ૦૬ /૧૯૪

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૫ માર્ચ, ૨૦૦૬ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. સોનીની પેઢીનું દૃષ્ટાંત અને સિદ્ધાંત.
૨. વૈરાગ્ય હોય અથવા ન હોય, પણ જો નિયમને વિષે ખબડદાર રહે તો પંચવિષય જિતાય છે.
૩. શૂળી ઉપર શયન કરાવે તો યે સાધુને સંગે રહીએ રે.....
૪. તેજને વિષે જે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે.
૫. રાજનીતિના વચનામૃતનાં દૃષ્ટાંત અને સિદ્ધાંત

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. અને જેને નિષ્કામી વર્તમાન ................. સેવા ગમે છે.
૨. જ્યારે એ જીવને સંતનો ................. જેવું થઈ જાય છે.
૩. ભગવાન ને ભગવાનના જે .................. અતિશય બળ આવે છે.
૪. એવી રીતે આત્મસુખે .................. પરાજય થતો નથી.
૫. એકાંતિક ભક્ત હોય તે .................. મોટી પદવી નથી.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

(૧) સંતમહિમા (૨) ભગવાનની પ્રસન્નતાનો ઉપાય

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** ૬

૧. આંબા જેવા કોને જાણવા ?





૨. બીજા અવતારે કેવાં કલ્યાણ કર્યાં ?
૩. કોણ ગુડિયું વાળે નહિ ?
૪. સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં ક્યારે આવે ?
૫. ભગવાન સાધુમાં રહીને કેવા પ્રકારે સુખ આપે છે ?
૬. નરકમાં પડ્યા જેવું દુઃખ ક્યારે લાગવું જોઈએ ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગ્યા પૂરો.** ૪

૧. લોક, ભોગ ને દેહ તેણે કરીને તો જીવ ............................ ગયા છે. (મૂંઝાઈ, સોરાઈ, અવરાઈ)
૨. .............................. નો અભિપ્રાય તો જણાય જ નહિ. (ભગવાન, મોટા, પ્રતિષ્ઠિત)
૩. ............................... એ કહ્યું, 'કારણ શરીર તો કાળા પર્વત જેવું છે.' (સર્વનિવાસાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી)
૪. ગમે તેવો ............................. હોય તેની વૃત્તિને પણ દેશકાળાદિક આઠ છે તે ડગાવી નાખે. (સાંખ્યવાળો, યોગવાળો, અંતર્દૃષ્ટિવાળો)

**(ક) અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. અક્ષરધામની સર્વોપરીતા અન્ય ધામોની અપેક્ષાએ.
૨. ગુણાતીતાનંદ સ્વામીની કથાશૈલી
૩. મનુષ્યભાવ - દિવ્યભાવ

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ૨' નવી આવૃત્તિના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. નીલકંઠવર્ણીની કલ્યાણભાવના.
૨. શ્રીહરિનો બૃહદ્ વૈરાગ્ય.
૩. વનવિચરણ દરમ્યાન જનસમુદાય પર નીલકંઠવર્ણીનો પ્રભાવ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો** ૨૦

૧. ઘનશ્યામનો ગૃહત્યાગ.
૨. સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય.
૩. કચ્છનો સત્સંગ.
૪. મુક્તાનંદ સ્વામીનું પરિવર્તન.